# ભાસના મહાભારત આધારિત રૂપકોમાં પાત્રોનું ઉદાત્તિકરણ

**મકવાણા મનહરકુમાર અમૃતલાલ**

પીએચ.ડી. વિદ્યાર્થી,

દગાવાડિયા, વિસનગર

## 1. પ્રસ્તાવના

મધ્યમવ્યાયોગ, દૂતવાક્ય, દૂતઘટોત્કચ, કર્ણભાર, ઊરુભંગ, પંચરાત્ર જેવા રૂપકોમાં કવિભાસે વ્યાસના મહાભારતની વિશાળ ફલક પર પથરાયેલી કૌરવો-પાંડવોની કથાનો ધ્યાનથી અભ્યાસ કરીને તેમાંથી કેટલાક મહત્ત્વના પ્રસંગોને પ્રસંદ કરી આ છ રૂપકોની રચના કરી છે. મૂળ મહાભારતની કથામાં પાંડવો સત્યનિષ્ટ છે અને ધર્મના માર્ગ પર ચાલનારા છે. તથા કૌરવો અધર્મના માર્ગ રાજગાદી પર ચઢી બેઠા છે અને પાંડવોનું સદા અહિત કરનારા છે. એવું તેમાં પાત્રોનું ચરિત્ર ચિત્રણ છે. દુર્યોધન એટલે દુર્જન અને પાપી વ્યક્તિ. તથા દ્રોણ એટલે "अर्थदासः" પૈસાથી ખરીદાયેલા દાસ વ્યક્તિઓ. એવી છાપ આપણા મન પર અંકિત થયેલી છે. પરંતુ ભાસે પોતાની કલ્પના દ્વારા આ નીચ અને હલકાં લાગતાં પાત્રોનું ઉદાત્તિકરણ કરવાનું લક્ષ્ય આંખ સામે રાખ્યું છે. ભાસને દુર્જન માણસમાં પણ શ્રદ્ધા છે. તેનામાં કોઈને કોઈ સારો ગુણ તો પડેલો જ હોય છે. ભાસે કલ્પના દ્વારા આ ગુણને જ બધાની સમક્ષ હાજર કર્યો છે. ભાસનાં રૂપકોનો પરિચય આપતાં બાણભટ્ટ અને બહુભૂમક ભાસને ઘણાં પાત્રોવાળાં ગણાવ્યો છે. અને તે સાચું જ છે. ભાસના બધાજ રૂપકોના મળીને ૨૩૦ જેટલાં પાત્રો જીવનના વિવિધ પ્રદેશોમાંથી આવે છે. મહાભારત આધારિત રૂપકોમાં મહા કવિ ભાસે મૂળ મહાભારતમાં હલકાં લાગતાં પાત્રોનું ઉદાતિકરણ કરીને સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં એક નવો જ ચીલો ચિતર્યો છે.

## 2. પાત્રોનું ઉદાત્તિકરણ

ઊરુભંગ રૂપકમાં દુર્યોધનના પાત્રને ઉપસાવવા માટે ભાસે જે કલ્પના કરી છે. તેનાથી દુર્યોધન સુર્યોધન બની રહે છે. રણભૂમિમાં ભીમ અધર્મનો સહારો લઈને, ગદાયુદ્ધના નિયમોનું ઉલ્લંઘન કરીને દુર્યોધનની સાથળ પર ગદાપ્રહાર કરે છે. નહીં તો દુર્યોધન કોઈ રીતે હારે એમ હતો જ નહીં. કારણ કે ભાસે જ કહ્યું છે કે ભીમ બળવાન ભલે રહ્યો, પણ ગદાયુદ્ધની દાવપેચની જાણકારીમાં દુર્યોધન ભીમથી ક્યાંય ચઢીયાતો હતો. અનીતિથી હણાયા પછી, જ્યારે બલરામ અધર્મનું વેર લેવા

પાંડવોને મારવાની વાત કરે છે. ત્યારે દુર્યોધન તેમને શાંત કરે છે અને કહે છે કે પહેલાં તમે તમારા ગુસ્સાને ઠંડો પાડો. જેથી કરીને કુંરુવંશને પાણી આપવાવાળા પાંડવો જીવિત રહી શકે, મારો નાશ થવાની સાથે વેર અને વિગ્રહકથા પૂર્ણ થઈ ગઈ છે.[૧] આમ દુર્યોધન બલરામને શાંત કરે છે અને બદલો લેવાની ના કહે છે. દુર્યોધના મત પોતાનો નાશ થવાથી વેર અને વિગ્રહ પૂરા થઈ ગયા છે. હવે તે યુદ્ધને ચાલું રાખવા માંગતાં નથી. પોતાના પુત્રને પણ પાંડવોની સાથે ઉભા રહીને પોતાને વિદાય આપવાનું કહે છે. આમ ભાસ પોતાની કલ્પનાથી મરણ સમયે દુર્યોધનમાં જે ગુણશાલી વાણી મૂકે જે પ્રેક્ષકોના દિલ જીતી લે છે. કવિ ભાસે છેલ્લે એમ પણ બતાવ્યું છે કે તેને મરણ સમયે લેવા માટે દેવલોકમાંથી અપ્સરાઓ સાથેનું વિમાન આવે છે. તે પોતાની પત્નીઓને પણ પોતાના મરણ પાછળ નહીં રડવા સૂચના આપે છે. કેમ કે એમનો પતિ યુદ્ધભૂમિમાં પીઠ બતાવનારો ન હતો. બલ્કે સામી છાતીએ લડતાં મર્યો છે, જે ક્ષત્રિયોને શોભે એ રીતે મરી રહ્યો છે. આમ તે ગૌરવભેર આ દુનિયામાંથી વિદાય લે છે. આમ ઉદાત્ત રીતે દુર્યોધનને મરતો જોઈને દરેક પ્રેક્ષકના મનમાં એને માટે માનની, સન્માનની લાગણી જન્મે છે. તથા અધર્મના સહારાથી પાંડવો એને જીતી શક્યાં છે, એમ સાંભળેને પ્રેક્ષકોને દુર્યોધન માટે સહાનુભૂતિ પણ જન્મે છે. દુર્યોધનના ઉદાહરણ દ્વારા ભાસે પોતાની કલ્પનાથી પ્રેક્ષકોને (જગતના લોકોને) એવો સંદેશો આપ્યો છે કે આખી જિંદગી ખરાબ કર્મ કર્યા પછી પણ પોતાની અંતિમ અવસ્થામાં જે માણસ નીતિનું પાલન કરે છે તેનો જય થાય છે. જો ભાસે દુર્યોધનનું આવું ઉત્કૃષ્ટ પાત્રાલેખન ન કર્યું હોત તો દુર્જન, પાપી વ્યક્તિના મરણથી કોઈનેય દુઃખ ના થાય.

'કર્ણભાર' નામના એકાંકી રૂપકમાં કર્ણના પાત્ર નિરૂપણમાં ભાસની કલ્પના શૈલી નોંધપાત્ર છે. અહીં કેવળ પાંચ જ પુરૂષ પાત્ર આવે છે. કર્ણ, શલ્ય, બ્રાહ્મણના વેશમાં ઈન્દ્ર તથા બે દૂતો. મૂળ મહાભારતની કથા મુજબ દુર્યોધનના પડખે રહેલો કર્ણ પણ હિન્દુપ્રજાની સહાનુભૂતિ મેળવી શકે તેવો નથી. માણસ ભલે પાપી ના હોય, પણ પાપી વ્યક્તિનો મદદગાર હોય, મિત્ર હોય તો પણ આપણે તેને પાપી અને દુષ્ટ જ ગણીએ છીએ. આમ દુર્યોધનનો મિત્ર હોવા માત્રથી જ કર્ણ દુષ્ટ વ્યક્તિ છે. એમ આપણે માનીએ છીએ. જ્યારે ભાસ 'કર્ણભાર'માં એની દાનવીરતાને જે રીતે ઉપસાવી છે; અને એ જે પ્રાર્શ્વભૂમિમાં એને મરણ તરફ ધકેલાતો બતાવ્યો છે તે પ્રેક્ષકોના દિલને અચૂક સહાનુભૂતિ પામી શકે છે. બ્રાહ્મણવેશે આવેલા ઈન્દ્રને કર્ણ દાનમાં ક્વચકુંડળ ઉતારી આપે છે. આમ એક રીતે તો પોતાના મૃત્યુને સામે ચાલીને નોતરે છે. ત્યારે એનો સારથી શલ્ય કહે છે “હે

કર્ણ ! તમે છેતરાયો છો ?" ત્યારે મહાકવિ ભાસ કર્ણના શબ્દોમાં નવીજ ઉર્જા ઉપજાવે છે. કર્ણ કહે છે કે "ના ! મારા થકી ઈન્દ્ર છેતરાયો છે" અનેક યજ્ઞોમાં આહુતિઓ આપીને બ્રાહ્મણોથી તૃપ્ત કરાયેલો, દાનવોનાં ટાંળાને કચડી નાખનાર, દિવ્ય હાથીને થાબડવાથી જેના હાથની આંગળીઓ ખરબચડી થઈ ગઈ છે તેવા ઈન્દ્રને મેં ખરેખર, કૃતાર્થ કર્યો છે.[2] મહાભારતમાં તો હકીકત છે જ ઈન્દ્ર બ્રાહ્મણનો વેશ ધારણ કરીને કર્ણ પાસે માંગવા આવ્યા હતા. મૂળ કથાની જેમ અહીં ઈન્દ્ર સ્વાર્થી અને સંકુચિત પુત્રપ્રેમ વાળા લાગતા નથી. કર્ણ જ્યારે ક્વચકુંડળ આપવાને તૈયારી બતાવે છે ત્યારે ઈન્દ્ર તીવ્ર સંઘર્ષ અનુભવે છે. એક સમયે તો આ સંઘર્ષ ન જીરવાતાં 'गृहीत्वा गच्छामि' કહીને ચાલ્યા જવાની ઈચ્છા કરે છે. આમ ભાસે પોતની કલ્પના દ્વારા ઈન્દ્રના પાત્રનું ઉદાત્તિકરણ કરવાનો પ્રયાસ કર્યો છે.

'પંચરાત્ર' જેવા ત્રિઅંકી રૂપકમાં ભાસે કલ્પના દ્વારા સમગ્ર મહાભારતની કથાને જ બદલી નાખી છે. તેમાં તેને ભીષ્મ અને દ્રોણ જેવા વડીલ પાત્રોનું ઉદાત્તિકરણ કરવાનું લક્ષ્ય સેવ્યું છે. મૂળ મહાભારતમાં તો દ્રૌપદી-વસ્ત્રાહરણ પ્રસંગે ભીષ્મ અને કર્ણ કૌરવોને પાપી કૃત્ય કરતા રોકતા નથી. દ્રૌપદી મદદ માટે યાચના કરે છે. ત્યારે તે પોતાને 'અર્થદાસ' પૈસાથી ખરીદાયેલા દાસ(નોકર) કહે છે. આમ તેઓ દુર્યોધનને પાપમાંથી રોકી શકવા સમર્થ નથી, એમ જાહેર કરે છે. આ પાપમાંથી દ્રોણ અને ભીષ્મને મુક્ત કરવા ભાસ એક પ્રસંગ મૂકે છે. એકવાર દુર્યોધને યજ્ઞ કર્યો. યજ્ઞ પૂરો થયા પછી તેને ગુરુ દ્રોણને દક્ષિણા માંગવાનું કહે છે. આવી ક્ષણનો લાભ લઈ ગુરુ દ્રોણ પાંડવો માટે અર્ધા રાજ્યની દક્ષિણા માંગી લે છે. જેમને કોઈ આશ્રય નથી, બાર વર્ષથી જેમનો કોઈ પત્તો નથી, તું આ પાંડવોને પોતાનું અર્ધું રાજ્ય આપી દે તે જ મારી ભિક્ષા અને દક્ષિણા છે.[3] આ રીતે તેમને કૌરવો-પાંડવો વચ્ચે થતા યુદ્ધને અટકાવવાનો પ્રયાસ કર્યો છે. ભીષ્મે તેમાં મદદ કરી અને દુર્યોધનને ગુરુ પ્રત્યે નિષ્ઠા હતી, આમ આ પ્રસંગ દ્વારા ભાસે દ્રોણના પાત્રને મૂળકથાના અર્થદાસમાંથી બહાર લાવીને તેને ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે.

કવિ ભાસ રચીત 'દૂતઘટોત્કચ' તો ભાસનું સંપૂર્ણ કલ્પના આધારિત રૂપક છે. દૂતઘટોત્કચ રૂપકમાં કુલ નવ પાત્રો છે. જેમાં છ પુરૂષ પાત્રો અને ત્રણ સ્ત્રી પાત્રો છે. મહાભારતમાં શ્રીકૃષ્ણે ભીમ પુત્ર ઘટોત્કચને પોતાનો દૂત બનાવીને કૌરવોની છાવણીમાં મોકલવાની કોઈ જ વાત આવતી નથી. નાટકમાં ભાસ લખે છે કે જ્યારે ઘટોત્કચ સંદેશ લઈને આવે છે. ત્યારે ધૃતરાષ્ટ્રને જોતાની સાથે એને ગંભીર આકૃતિ તેને સ્પર્શી જાય છે. પોતાની આંતરસૂઝથી એને એ પણ ખબર પડે છે કે આ

ધૃતરાષ્ટ્રની કુટીલતાથી શંકીત થઈ ઉઠેલા દેવોએ આને અંધ બનાવવાનું ઉચીત સમજ્યું છે.[૪] આમ ઘટોત્કચમાં એક વિલક્ષણ જ્ઞાનના પણ દર્શન કરાવે છે. વળી ભાસે તેને ભીમ જેવો ઉતાવળીયો અને બાળસહજ ચંચળતાથી દોરવાતો પણ રજૂ કર્યો છે. આમ પોતાની કલ્પના દ્વારા ભાસ ઘટોત્કચ એક રાક્ષસ હોવા છતાં એક મનુષ્યના ગુણમાં પરિવર્તીત થતો રજૂ કર્યો છે. આ રૂપકમાં ભાસે દુર્યોધનને મૂળ મહાભારતમાં છે તેવો જ અભિમાની, ઘમંડી, ક્રુર અને મુર્ખ દુર્યોધન બતાવ્યો છે. ધૃતરાષ્ટ્ર પોતે અંધ નથી, પણ સાચા અર્થમાં પ્રજ્ઞારૂપી ચક્ષુ ધરાવે છે. એમ મહા કવિ ભાસ પોતની કલ્પના દ્વારા રજૂ કરે છે. ભગવાન કૃષ્ણનો સંદેશ લઈને દૂત આવ્યો છે તેમ સાંભળીને તેઓ આસન પરથી ઉભા થઈને બદ્ધાંજલિ આપે છે. આમાં તેમની સંસ્કારિતા અને ભગવાન કૃષ્ણ તરફની આસ્થા છતી થાય છે. ઘટોત્કચ યુદ્ધે ચઢવા તત્પર થાય છે. ત્યાં અભિમન્યું પછી બીજો બાળવધ ન થાય તેથી તે વચ્ચે પડે છે. અહીં ધૃતરાષ્ટ્રમાં બાલપ્રેમ જીવંત છે. એમ ભાસ રજૂ કરે છે. આમ મૂળકથામાં પુત્રપ્રેમમાં આંધળા એવા ધૃતરાષ્ટ્ર પાંડવો પ્રત્યે પણ ચિંતનશીલ છે. તેમ દર્શાવી ભાસે ધૃતરાષ્ટના પાત્રનું અનોખી રીતે ઉદાત્તિકરણ કરેલ છે.

'મધ્યમવ્યાયોગ' એક વ્યાયોગ પ્રકારના એકાંકી રૂપકમાં હિડિમ્બાના મનુષ્ય આહાર માટે તેનો પુત્ર ઘટોત્કચ વનમાં માણસની શોધમાં નીકળી પડે છે. ભાસે ઘટોત્કચના પાત્રને એક ભયાનક યોદ્ધા તરીકે અને આજ્ઞાપાલક પુત્ર તરીકે રજૂ કર્યું છે. આ ઘટોત્કચ વીર યોદ્ધા તરીકે શરીરે,દેખાવે તો ત્રાસજનક અને ભયજનક છે જ. પણ એના પરાક્રમથી પણ તે એવો જ પુરવાર થાય છે. તે ભીમની ઉપર પર્વતનું શિખર ઊંચકીને ફેંકે છે,આખાં વૃક્ષો ઉખાડીને ફેંકે છે. છેવટે ભીમ વશ થતો નથી. તો માયાપાશથી પણ ભીમને બાંધી લે છે. પણ જ્યારે માયાપાશનો ઉપયોગ કરે છે. મંત્ર ફુંકવા પર્વતમાંથી પાણે ટપકાવે છે ત્યારે તે એક રાક્ષસીના પુત્ર તરીકે જોવા મળે છે. છેલ્લે પિતા તરીકે ભીમની ઓળખાણ થાય છે ત્યારે તે નમ્રતા અને વિવેકપૂર્વક પિતાને નમન કરે છે. અને અગાઉ કરેલા અપરાધની માફી પણ માંગે છે. અ પ્રસંગમાં ભાસ એક રાક્ષસમાં માનવીય ગુણોને દાખલ કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે ભીમ બ્રાહ્મણોના રક્ષણ માટે તે ઘટોત્કચની સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ જાય છે. તે પર્વતના શિખરનો પ્રહાર હોય કે આખાં વૃક્ષોના થડીયાં હોય,એ બધાના પ્રહાર ઝીલવા સમર્થ છે. એને મલ્લયુદ્ધમાં પણ કોઈ હરાવી શકે તેમ નથી. ઘટોત્કચ જ્યારે ભીમને આયુધ લઈને તૈયાર થવા કહે છે. ત્યારે પોતાના બે હાથ જ આયુધ છે;એણે કોઈ જુદા આયુધ લેવાની જરૂર નથી. એમ કહી પોતાની શક્તિનો અને પોતાના બળનો તે પરિચય આપે છે. આમ ભીમ પરાક્રમી

વ્યક્તિ તરીકે ઉપસી આવે છે. આમ ભાસે પોતાની કલ્પના દ્વારા અનેક પ્રસંગ રચી ઘટોત્કચ અને ભીમના પાત્રનું ઉદાત્તિકરણ કરવાનો પ્રયાસ કર્યો છે.

### 3. ઉપસંહાર

આમ ભાસે મહાભારતની કથાનો આશ્રય લઈને છ જેટલા રૂપકોની રચનાથી વિવિધ પાત્રોની ભાવાભિવ્યક્તિ બદલી નાખી છે. મહાભારતના નીચ, પાપી,દુર્જન જણાતાં પાત્રોમાંથી પણ સારા ગુણોને બહાર કાઢીને ઉપસાવી બતાવે છે. તેના ઉદાહરણ દ્વારા વર્તમાન સમયમાં ઘણા દુર્જન લોકોને પોતાન દુગુણોને નાશ કરવાની પ્રેરણા મળે છે. આમ ભાસે પોતાની કલ્પના દ્વારા દુર્યોધન, દ્રોણ, કર્ણ જેવા પાત્રોનું ઉદાત્તિકરણ કર્યું છે. બધાજ રૂપકોની કથાવસ્તુંમાં તેના વસ્તુગુંફનને હાની પહોંચાડ્યા વિના તેના દરેક પાત્ર દ્વારા એક શુદ્ધ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે અને તેમાં સફર પણ થયા છે.

## સંદર્ભગ્રંથ

૧. દવે, પી.સી., દવે, સુરેશ (૨૦૦૧). (સંપાદકો) कर्णभारम्: પ્રકાશક: સરસ્વતી પુસ્તક ભંડાર પ્રથમ આવૃતિ.

૨. ભટ્ટ, વસંતકુમાર મનુભાઈ (૧૯૯૯). (સંપાદક) दूतघटोत्कचम्: પ્રકાશક: સરસ્વતી પુસ્તક ભંડાર દ્વિતીય આવૃતિ.

3. ભટ્ટ, વસંતકુમાર મનુભાઈ (૧૯૯૭). (સંપાદક) दूतवाक्यम्: પ્રકાશક: સરસ્વતી પુસ્તક ભંડાર પ્રથમ આવૃતિ.

૪. ભાસનાં મહાભારત એકાંકી રૂપકો પ્રકાશક (૧૯૯૭). સરસ્વતી પુસ્તક ભંડાર પ્રથમ આવૃતિ.

૫. पं., कपिलदेवगिरि (1979). भाषनाटकचक्रम् (प्रथमो भागः) 'प्रकाश' संस्कृत-हिन्दीव्याख्योयेर्तुम् व्याख्याकार : प्रकाशक : चौखम्बा विद्याभवन, वाराणसी. तृतीय आवृति.